મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૬ ટકા

ગાંધીનગર તાપમાન

પર્યુષણમાં મીટશોપ બંધ રાખવા માંગ

ગાંધીનગર, તા.૭

પવિત્ર પર્યુષણ પર્વમાં રાજય સરકાર દ્વારા આદેશ બહાર પાડવામાં આવ્યો છે કે, કતલખાના બંધ રાખવા સહિત માંસાહારી ચીજવસ્તુઓનું વેચાણ કરવું નહી, પરંતુ આ નિયમોનો ભંગ કરીને પાટનગરમાં થતો હોય તેમ શહેરમાં હજુ પણ મીટ શોપ અને કતલખાનું ચાલી રહ્યું છે. જેને બંધ કરવા માટે રજુઆત કરવામાં આવી છે.

ગુરુવારથી પવિત્ર પર્યુષણ પર્વનો પ્રારંભ થયો છે. ત્યારે આ પર્વ દરમિયાન જીવ હત્યા ન થાય તેના ભાગરુપે દર વર્ષે રાજય સરકારના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવે છે. કે પર્યુષણ પર્વમાં કતલખાના બંધ રાખવાની સાથે સાથે માંસાહારી ચીજવસ્તુઓનું વેચાણ બંધ કરવા ના આદેશ પણ આપ્યા છે. પરંતુ આ નિયમોનો રાજયના પાટનગરમાં ભંગ થયો હોય તેમ શહેરમાં કેટલાક ઠેકાણે હજુ પણ મીટશોપ ચાલુ જ છે. ગુરુવારથી પર્વનો પ્રારંભ થયો છે ત્યારે આ કતલખાના બંધ રાખવામાં આવે તેવી માંગ એનીમલ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા ઉચ્ચકક્ષાએ કરવામાં આવી છે. નિયમ પ્રમાણે તા. ૬ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન કતલખાના બંધ રાખવામાં આવે છતા પણ નિયમોનો ભંગ કરીને કેટલાક ઠેકાણે કતલખાના સંચાલકો દ્વારા ચાલુ રાખવામાં આવ્યા છે. તેની સામે કાનુની કાર્યવાહી કરીને પર્યુષણ પર્વ સુધી બંધ રાખવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

સારવાર માટે આવતો દરેક દર્દી વીઆઈપી : સિવિલ સુપ્રિટેન્ડન્ટ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ઝડપી અને યોગ્ય સારવાર મળી રહે તે માટે તાત્કાલીક વિભાગ, ઓપીડીથી લઈને વોર્ડમાં ફરજ બજાવતા તબિબોની ખાસ બેઠક આજરોજ તબિબિ અધિક્ષકની ઓફિસ ખાતે યોજાઈ હતી. જેમાં દર્દીને સારવાર આપવામાં આવી રહેલી દરેક વ્યવસ્થાને વધુ યોગ્ય બનાવવા માટે ખાસ તૈયારીઓ આરંભી દેવાઈ છે. તો બીજી બાજુ સિવિલમાં સ્વચ્છતા રાખવા માટે પણ તમામ સ્ટાફને સુપ્રિટેન્ડન્ટ દ્વારા તાકિદ કરવામાં આવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સર્જરી વિભાગના એચઓડી ડો.નિયતી બેન લાખાણીને સુપ્રિટેન્ડન્ટનો ચાર્જ આપતા જ હોસ્પિટલમાં અધિકારીઓના રાઉન્ડ વધી ગયા છે અને બીનજરુરી ચાલુ રહેતા પંખા અને લાઈટો બંધ કરવા સહિત પાણી લીકેજ બંધ કરવા સુચના આપવામાં આવી છે. ત્યારે આજે હોસ્પિટલના તમામ ડોકટર્સની ખાસ તાકિદની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં તમામ ડોકટર્સ હાજર રહ્યા હતા.આ તમામ તબિબોને દર્દી કયાંય પણ હોય તેને ઝડપી અને

યોગ્ય સારવાર આપવા માટે સુચના આપવામાં આવી હતી. ઉપરાંત સિવિલ માં સારવાર માટે આવતો દરેક દર્દી વીઆઈપી છે તેમ જણાવ્યું હતું. વધુમાં સિવિલના તાત્કાલીક વિભાગથી લઈને ઓપીડી અને વોર્ડ સુધી દર્દીઓને આપવામાં આવતી સારવાર અને સેવાઓમાં સુધારો કરવા માટે પણ ખાસ ટીમ બનાવાનો નિર્ણય કરવામા આવ્યો છે. જયારે હોસ્પિટલના વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીના કર્મચારીઓને સિવિલમાં સફાઈ જળવાઈ રહે તે માટે ખાસ આદેશ કર્યા હતા. સિવિલ સુપ્રિટેન્ડન્ટ ખુદ રાઉન્ડ લેતા હોવાથી કર્મચારીઓમાં ચહલપહલ જોવા મળે છે.

એસ.વી. ફાઉન્ડેશન દ્વારા સ્ટાર્ટઅપ ટેકનોલોજીને અનુલક્ષી રોડ શૉ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગુજરાત સરકાર દ્વારા આગામી તા. ૧૧,૧૨ અને ૧૩ ઓકટોબર ૨૦૧૮ના રોજ વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ અપ ટેકનોલોજી સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષી આજ રોજ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના એલડીઆરપી કેમ્પસ ખાતે રોડ શો અને જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે એસ.વી.ફાઉન્ડેશનના સીઈઓ ડો. ભાવિન પંડયાએ પોતાના પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે સ્ટાર્ટ અપ સમિટમાં ભાગ લેવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ફાઉન્ડેશનની વિવિધ પ્રવૃતિઓ દ્વારા મુખ્ય આઈડીયાને પ્રોટોટાઈપ લેવલ સુધી પહોંચાડીને ગર્વમેન્ટ અને ઈન્ડરસ્ટ્રીઝ કમિશનર ડીપાર્ટમેન્ટ સાથે મળીને ગ્રાન્ટ પુરી પાડવામાં વિદ્યાર્થીઓને મદદ કરે છે. એસવી ફાઉન્ડેશન અંતર્ગત વાઈબ્રન્ટ ગુજરાત સમિટ હેઠળ ૫૫ જેટલા સ્ટાર્ટઅપ રજીસ્ટર્ડ થયેલા છે. આ તમામને સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

જાગૃતિ અભિયાન અંતર્ગત જોઈન્ટ કમિશનર ઓફ ઈન્ડરસ્ટ્રીઝ, ગવર્મેન્ટ ઓફ ગુજરાત આર.ડી. બારહત એ વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ અપ ટેકનોલોજી સમિટ ૨૦૧૮ વિશે વધુ માહિતી આપી હતી. ઈઆરએનએસટી એન્ડ યંગના સિનિયર કન્સલ્ટન્ટ અરૂનીકા કરમાકર એ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ગ્રાન્ડ ચેલેન્જ વિશે માહિતી આપી હતી. તેમજ પ્રભાત મહતોએ વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ અપ હેઠળ અલગ અલગ થીમ વિશે માહિતી પુરી પાડી હતી. આ પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ઈનચાર્જ ચાન્સેલર ડો.ગાર્ગી રાજપરા, એકઝામ કંટ્રોલર પ્રોફેસર પી.કે.શાહ અને પ્રોફેસર કેયુર શાહ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. ડો. ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ પ્રોગામ કો-ઓરડીનેટર પ્રોફેસર કૃપા મહેતા અને ડો.સબીના ખાન તેમજ ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

@ગાંધીનગર

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯થી ૧૦ કલાક દરમિયાન પરેશભાઈ દવે ઈશાન ફલેટ સે-૨૩ ખાતે કરાશે.

● સેકટર-૪ વસાહત મંડળ દ્વારા નવરાત્રી ઉજવણી અંતર્ગત બેઠક સાંજે ૪.૩૦ કલાકે વડલાવાળી માતાજીના ચોકમાં મળશે.

● ત્રિદલ સંસ્થા દ્વારા ગુજરાતી વિષયના તેજસ્વી તારલાઓ અને શિક્ષકને સન્માનિત કરવાનો કાર્યક્રમ સવારે ૧૦ કલાકે પી.કે. ચૌધરી આર્ટસ કોલેજ રૂમ નં. ૧૫, સે-૭ ખાતે યોજાશે.

● કામેશ્વર ઈન્ટરનેશનલ શાળા સરગાસણ ખાતે હેલ્થ અવેરનેસ કાર્યક્રમ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે.

રાજપૂત સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર શહેર અને જિલ્લાના રાજપૂત સમાજના તેજસ્વી તારલાઓ તેમજ વિશિષ્ઠ સિદ્ધી હાંસલ પ્રાપ્ત કરનારનો સન્માન સમારોહ તા.૯-૯-૧૮ ને રવિવારના રોજ રાજપૂત સમાજ ભવન ખાતે બપોરે ૨.૩૦ કલાક દરમિયાન યોજાશે. આ સન્માન સમારોહ પ્રસંગે ધારાસભ્ય ડો.સી.જે.ચાવડા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, ડે.મેયર દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ) અને સમાજના અગ્રણીઓ, હોદેદારો સહિત વિદ્યાર્થીઓ તેમજ ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહેશે તેમ શહેર-જિલ્લાના પ્રમુખ શંકરસિંહ રાણા અને રાજનસિંહ ચાવડાએ જણાવ્યું છે.

વાવોલ પશુ દવાખાના નજીક ગંદકીના ઢગ હટાવવા માંગ

ગાંધીનગર, તા.૭

એક બાજુ ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે સરકાર મોટા મોટા બણગા ફૂંકે છે તો બીજી તરફ વાસ્તવિકમાં શહેરમાં કેટલાક સ્થળોએ સફાઈ તો ઠીક પરંતુ અઢળક કચરો તથા ગંદકી જોવા મળે છે, વાવોલ ગામમાં જતા લાભ કન્સ્ટ્રકશનની નજીક આવેલ બંધ હાલતમાં પડેલ પશુ દવાખાનાની બાજુમાં ખુબ જ મોટા પ્રમાણમાં કચરાના ઢગ બની ગયા છે, ખુબ જ પ્રમાણમાં ગંદકી થઈ રહી છે, ખુલ્લી ગટરનું દુષિત પાણી ભરાય છે તથા પ્લાસ્ટિકનો કચરો નાંખવામાં આવેલ છે, જે પ્લાસ્ટિકનો કચરો ગાયો ખાય છે જેનાથી ગાયોનું સ્વાસ્થ્ય પણ જોખમમાં મુકાય છે. ત્યાંથી પસાર થતા રાહદારીઓ અને આજુબાજુ વસવાટ કરતા વસાહતીઓને કચરાની દુર્ગંધના કારણે ખુબ જ તકલીફ પડી રહી છે તેમજ ગંદકીના કારણે મચ્છરો, જીવજંતુઓના ઉપદ્રવથી રોગચાળો થવાની પણ ભીતિ ફેલાય છે, વાવોલ ગામમાં ગુડા દ્વારા સમયસર ડોર ટુ ડોર કલેકશન કરવામાં આવતું નથી અને અમુક વિસ્તારમાં તો સંપૂર્ણપણે કચરો કલેકશન કરવામાં આવતો નથી. આ સમસ્યા અંગે વોર્ડ નં. ૭ના કોર્પોરેટર રાકેશભાઈ પટેલ દ્વારા આ પ્રશ્ન અંગે તાત્કાલિક અસરથી પગલાં લઈ યોગ્ય સફાઈ કરવામાં આવે તથા સંપૂર્ણ પણે સફાઈ કરી આ જગ્યાને ગંદકીમાંથી મુકત કરવામાં આવે તેવી લેખિત રજૂઆત તંત્રને કરવામાં આવી છે.

બોરીજ ખાતે વી.કેર ફાઉન્ડેશન ગાંધીનગરના સભ્યોનો પ્રસારક તાલીમ કાર્યક્રમ યોજાયો

વી.કેર ફાઉન્ડેશનના સભ્યોનો વન વિભાગ તાલીમ કેન્દ્ર બોરીજ ખાતે બે દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર વર્ગમાં ૧૦૦ જેટલા સભ્યોએ પર્યાવરણ વિશે માર્ગદર્શન મેળવ્યું હતું. મનુષ્યજીવનમાં પર્યાવરણની જાળવણી સુરક્ષારૂપે વૃક્ષો, જ્યાં પશુ-પક્ષી-પ્રાણીઓનું વિશેષ મહત્વ અંગે પર્યાવરણવાદી તજજ્ઞો દ્વારા સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટનવિધિમાં નિશા રાજ મેડમ, ભટ્ટ સાહેબ તથા ધેમરભાઈ સહિત સંસ્થાના ચેરમેન જે.સી. પટેલ, પ્રોજેક્ટ ચેરમેન જયંતિભાઈ તથા ઘનશ્યામભાઈ બારોટે ખૂબજ ઉત્સાહપૂર્વક સાથ સહકાર આપ્યો હતો. વન સંરક્ષક અધિકારીની ઓફિસના તમામ સહ કર્મચારીઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા સહયોગી બન્યા હતા. કાર્યક્રમના અંતે સંસ્થાના દરેક સભ્યે પર્યાવરણની જાળવણી માટે એક એક સંકલ્પ લીધો હતો.

વેદ ઈન્ટરનેશનલ સ્કુલ સરગાસણ ખાતે શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું હતું. જીવનમાં ગુરુ અને જ્ઞાનનું મહત્વ સમજાવતું પ્રવચન અને વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ કાર્યના અનુભવોનું વર્ણન કરવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટીશ્રી, દાદાશ્રી, આચાર્યશ્રી અને સમગ્ર શિક્ષકગણ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પ્રતિકરૂપે શ્રેષ્ઠ શિક્ષણ કાર્ય કરવા બદલ 'સત્યના પ્રયોગ' પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું. જેથી વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં નૈતિકતા અને સત્યના ગુણો ખીલવી શકે તેમજ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય.

ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન હરીફાઈ યોજાશે

ગાંધીનગર, તા.૭

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન હરીફાઈ તા. ૯-૯-૧૮ ને રવિવારના રોજ સવારે ૯.૧૫ કલાકે સેકટર-૨૩ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, કડી કેમ્પસ સ્થિત ખીમજી વિસરામ હોલ ખાતે યોજાશે. આ રાષ્ટ્રીય ગીતોની માત્ર હરીફાઈ નથી પરંતુ બાળકોને રાષ્ટ્રીય ભાવનાથી જોડે છે. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કલ્પતરુ પાવરના ડાયરેકટર કમલ કિશોર જૈન, ઉદઘાટક તરીકે ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ડો.કે.એસ.લિખિયા, અતિથી વિશેષ તરીકે લે.કર્નલ અરવિંદ કપૂર અને કેપ્ટન ચિરાગ શાહ હાજર રહેશે. આ પ્રસંગે ગાંધીનગરની શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહેશે. આ સ્પર્ધાને નિહાળવા માટે ભારત વિકાસ પરિષદના સભ્યો તેમજ નગરજનોને પરિષદના પ્રમુખ મુકેશ રાવલ અને મંત્રી નરેન્દ્ર પટેલે અનુરોધ કર્યો છે.

ગાંધીનગર, તા.૭

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ગાંધીનગર દ્વારા આયોજીત એસવીએસ કક્ષાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. જેમાં ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકોએ પણ પી.આર. ઠકકર હાઈસ્કૂલ, મગોડી ખાતે યોજાયેલ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ પ્રદર્શનમાં કૃષિ અને સજીવ ખેતી વિષયાંક પોતાનો પ્રયોગ રજૂ કર્યો હતો.

શનિવારે સંસ્કૃતિ સંસ્થા દ્વારા સ્વ.મુકેશજીના ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની સંસ્કૃતિ સંસ્થા દ્વારા એચડીએફસી બેંકના સંયુકત ઉપકમે હિન્દી ફિલ્મોના સ્વ.મુકેશજીએ ગાયેલા મધુર ગીતોના કાર્યક્રમ 'સુહાના સફર ઔર યે મૌસમ હસીન'નું તા. ૮મી સપ્ટેમ્બર શનિવારના રોજ રાત્રે ૯.૧૫ કલાકે ટાઉનહોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જાણીતા કલાકારો મુન્નાર શાહ, પિન્કી પટેલ તથા અલકા ઠાકુર તેમનો કંઠ મેળાવશે. કાર્યક્રમનું સંગીત નિદર્શન હેરિસ ક્રિશ્ચિયનનું છે જયારે કાર્યક્રમનું સંચાલન મોહસીન શેખ દ્વારા કરવામાં આવશે.

શેરથા પાસે આઈસર ટ્રકની પાછળ લક્ઝરી ઘુસી જતાં એકનું મૃત્યુ : લક્ઝરીના ડ્રાઈવર-ક્લીનરની હાલત ગંભીર

ગાંધીનગર, તા. ૭

અમદાવાદ-મહેસાણા હાઈવે પર કલોલ નજીક શેરથા પાસે વધુ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાનું ધ્યાને આવ્યું છે. આઈસર ટ્રક અને લક્ઝરી બસ વચ્ચે સર્જાયેલા જીવલેણ અકસ્માતમાં લક્ઝરીમાં સવાર મુસાફરનુ કરૂણ મૃત્યુ નિપજ્યું છે. શેરથા પાસે રોડની સાઈડમાં ઉભેલી એક આઈસર ટ્રકની પાછળ બેફામ આવતી આ લક્ઝરી ધડાકાભેર ઘૂસી ગઈ હતી અને અકસ્માત સર્જાયો હતો. લક્ઝરીનો ડ્રાઈવર અને ક્લિનર પણ આ ઘટનામાં ઘાયલ થયા છે અને હાલ સારવાર હેઠળ છે. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતા પોલીસે લક્ઝરી ચાલક સામે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ આરંભી છે. નોંધનીય બાબત એ છે કે બેફામ જતા લક્ઝરી ચાલકે રોડની સાઈડમાં પાર્ક થયેલા એક બુલેટ અને એક એકટીવાને પણ અડફેટે લઈ બંને વાહનોને પણ કચડી નાખ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ મહેસાણા તરફથી આવી રહેલી લક્ઝરી સુરત તરફ જઈ રહી હતી ત્યારે રાત્રે સવા અગિયાર વાગ્યાના અરસામાં શેરથા પાસે આ લક્ઝરીને અકસ્માત નડયો હતો. શેરથા પાસે રોડની સાઈડમાં ઉભા રહેલા એક આઈસર ટ્રક ની પાછળ બેફામ જતી આ લક્ઝરી ધડાકાભેર ઘુસી ગઈ હતી. અકસ્માતમાં રોડ સાઈડમાં મરચાની ખરી પાસે ઉભેલા એકટીવા તથા બુલેટ પણ લક્ઝરી બસની અડફેટે આવી ગઈ હતી અને બંને વાહનોનો કડૂસલો બોલી ગયો હતો. લક્ઝરી બસમાં સવાર વાવ વિસ્તારના મુસાફર ૨૨ વર્ષીય જીગરભાઈ પીરાભાઈ રાજપુત તથા લક્ઝરી બસના ડ્રાઈવર અને કિલનર ત્રણેય ગંભીર રીતે ઘવાયા હતા જેમાં મુસાફર જીગરભાઈ રાજપુતનુ કમકમાટીભર્યુ મૃત્યુ હતું. જ્યારે ડ્રાઈવર અને કિલનર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અકસ્માત અંગે ચાણસ્માનાં રહેવાસી રમેશભાઈ દેસાઈ દ્વારા લક્ઝરી બસના ડ્રાઈવર સામે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ આપવામાં આવી છે. આ ઘટનાની તપાસ ચલાવી રહેલા અડાલજ પોલીસ મથકના પી.એસ.આઈ શેફાલી બુલાનના જણાવ્યા મુજબ અકસ્માતમાં મૃત્યુ પામેલા જીગરભાઈ રાજપૂત વાવના રહેવાસી હતા અને સુરતમાં હીરા ઘસવાનું કામ કરતા હતા. જન્માષ્ટમીની રજા પૂર્ણ કરી તેઓ ઘરે થી સુરત પરત જઈ રહ્યા હતા ત્યારે તેમની લક્ઝરીને શેરથા પાસે અકસ્માત નડ્યો હતો. અડાલજ પોલીસે લક્ઝરી બસના ચાલક સામે ગુનો દાખલ કરીને ધરપકડ માટે કવાયત શરૂ કરી છે.

આજે તા.૦૭/૦૯/૨૦૧૮ ના રોજ સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થી પ્રતિનિધિ સભા દ્વારા શિક્ષક દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં કૉલેજના કુલ ૩૬ વિદ્યાર્થીઓએ એક દિવસ માટે અધ્યાપક તરીકે તથા વિદ્યાર્થી નીરવે ભોયે આચાર્ય તરીકેની જવાબદારી વહન કરી હતી. આ કાર્યક્રમના સમાપન પ્રસંગે આચાર્ય તેમજ અધ્યાપક બનેલા વિદ્યાર્થીઓએ તેમના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. ડૉ.વી.એ.જાડેજા, ડૉ.એમ.આર.વ્યાસ, ડૉ. આર.બી. કોઠારી તેમજ આચાર્યશ્રી ડૉ. હિમ્મત ભાલોડિયાએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતુ. આ કાર્યક્રમમાં ડૉ.એન.જે.ગઢવી, ડૉ.ટી.એમ.શેખ, ડૉ.ગીતાબેન પ્રજાપતિ, ડૉ.ચારુબેન અધ્વર્યુ, ડૉ.અજય વાળંદ અને ડૉ.કે.જે. ઝાલાએ નિર્ણાયક તરીકે કામગીરી કરી હતી. આભારવિધિ ડૉ. સુશીલાબેન ખડાયતાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના કન્વીનર ડૉ.આર.બી કોઠારીએ ભારે જહેમત ઉપાડી હતી. આ કાર્યક્રમમાં તૃતિય વર્ષમાં આચાર્ય મેઘલ વી., દ્વિતિય વર્ષમાં પરમાર માનસી એસ. અને પ્રથમ વર્ષમાં માળી અનિલકુમાર જી. પ્રથમ ક્રમે વિજેતા રહ્યા હતા.

જલારામ સેવા સમાજના પ્રમુખ જીતેન્દ્ર સેજાણી સ્વૈચ્છિક નિવૃત્ત થશે

ગાંધીનગર, તા.૭

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગરના પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણી છેલ્લા સત્તર વર્ષથી જલારામ મંદિર ખાતે સેવા આપી રહ્યા છે. ૨ વર્ષ લોહાણા યુવા સંગઠનના પ્રમુખ તરીકે, ૮ વર્ષ જલારામ સેવા સમાજના કોષાધ્યક્ષ તરીકે, ૨ વર્ષ સેક્રેટરી તરીકે અને છેલ્લા પાંચ વર્ષથી પ્રમુખ તરીકે પોતાની પ્રશંસનીય સેવાઓ આપીને તેઓ આગામી તા.૦૯-૦૯-૨૦૧૮ની જનરલ મીટીંગમાં સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વિકારશે તેમ જણાવેલ છે.

લાયોનેસ ક્લબ ગાંધીનગર દ્વારા શિક્ષકદિનની ઉજવણી સેકટર-૭ સરકારી દત્તક શાળા ખાતે કરવામાં આવી હતી. જે બાળકો શિક્ષક બન્યા હતા એમને લાયોનેસ પૂર્વપ્રમુખ ઉષાબેન તથા લાયોનેસ વિજુબેન ગુપ્તે દ્વારા શિક્ષણ કીટ આપી નવાજવામાં આવ્યા હતા. લાયોનેસ ક્લબના પ્રમુખ ડિમ્પલ દેસાઈ પૂર્વ પ્રમુખ વૈશાલીબેન તથા ક્લબના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ભાટમાં નવી બનતી બાંધકામ સાઇટના પાંચમે માળથી નીચે પટકાતા શ્રમિકનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૭

અડાલજ નજીક આવેલા ભાટ ગામની સીમમાં રાધે હાઈટ્સ નામની રેસિડેન્સીયલ સ્કીમનુંબાંધકામ ચાલી રહ્યુંછે ત્યારે આ નવી બાંધકામ સાઈટ ઉપર પાંચમાં માળેથી નીચે પટકાતાં એક શ્રમિકનું મૃત્યુ થયુ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. તહેવારોની રજાઓને કારણે બાંધકામનું કામકાજ હમણા બંધ હતું તે દરમિયાન દાહોદનું એક યુવાન શ્રમિક ફોન પર વાત કરતા કરતા સીડી ઊતરી રહ્યો હતો ત્યારે ગબડી પડયોહતોઅનેપાંચમેમાળેથી નીચે પટકાઇ ગયો હતો. આ ઘટનામાં શ્રમિકનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. અડાલજ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ભાટ ગામની સીમમાં બની રહેલી રાધે હાઈટસ નામની બિલ્ડિંગનું બાંધકામ તાજેતરની રજાઓને પગલે બંધ હતું. આ બાંધકામ સાઈટ ઉપર કામ કરવા આવેલો દાહોદ જિલ્લાના જામપુર તાલુકાના એક નાનકડા ગામનો ૨૨ વર્ષિય યુવા શ્રમિક પીન્ટુભાઈ રમેશભાઈ બજાણીયા આજે સવારે નવ વાગ્યાના અરસામાં મોબાઈલ ફોન પર વાત કરતા કરતા સીડી ઊતરી રહ્યો હતો. તે સમયે અકસ્માતે પાંચમાં માળેથી પિન્ટુ ગબડીને નીચે પટકાઈ ગયો હતો. જેને પગલે તેને ગંભીર ઈજાઓ થવા પામી હતી અને તાત્કાલિક તેને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાની જાણ પોલીસને થતાં અડાલજ પોલીસ મથકના એ.એસ.આઈ સંદીપભાઈએ મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

ચિરવિદાય

- સ્વ. જોશી અશોકકુમાર ભૂપતરાય, ઉ.વ. ૫૫
- સ્વ. ગીતાબેન પ્રતાપભાઈ વ્યાસ, ઉ.વ. ૭૦
- સ્વ. રતનબેન રામાભાઈ રબારી, ઉ.વ. ૯૫
- સ્વ. ઠાકોર જડીબેન વેચાતજી, ઉ.વ. ૮૫
- સ્વ. પટેલ ભગવતીબેન ચંદ્રકાન્ત, ઉ.વ. ૬૨